જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૫/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૯૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૪૬	૩	૧૧૪૪૯	૧૭૫૬૫	૩	૧૭૫૬૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૯	૧	૮૦	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૨૨૨૧	૩૭૫	૪૨૫૯૬	૪૩૨૧૮	૩૬૦	૪૩૫૭૮
કુલ		૫૮૪૫૪	૩૭૯	૫૮૮૩૩	૬૭૩૧૩	૩૬૩	૬૭૬૭૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૬	૧,૭૯,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૭૮	૧૮,૭૮,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ડીસીબી પોલીસ સ્ટેશનના વિદેશીદારૂના ગુનામાં વોન્ટેડ આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે પો.સ.ઈ.એ.જી.બ્રિદ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે "ડી.સી.બી. પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૧૨૧૦૦૩૫/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઈ). ૧૧૬(બી) ૮૧ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી મુકેશભાઈ છનાભાઈ ઠાકોરનાનો નારોલ ગામ શાકમાર્કેટ પાસે ઉભેલ છે અને તેણે શરિરે છીંકણી કલરનુ શર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે." જે બાતમી હકીકત આધારે તપાસ કરતાં વોન્ટેડ આરોપી મુકેશભાઈ છનાભાઈ જાતે ઠાકોર ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ રહે.બારોટવાસ વણઝારાવાસની પાછળ તલાવડી પાસે નારોલ ગામ નારોલ અમદાવાદ શહેરનો મળી આવતાં આજરોજ તા.૦૫/૦૫/૨૦૨૧ ના કલાક ૧૨/૦૦ વાગે પકડી સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઈ મુજબ કાર્યવાહી કરી આરોપીને ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી ડીસીબી પોલીસ સ્ટેશનના વિદેશીદારૂના વોન્ટેડ આરોપીને શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૦૫/૦૫/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૯૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૯૨ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૭૯૩/૨૦૨૧**

બાપુનગર : સન્નીભાઇ હરેશભાઇ ભાલીયા (ઉ.વ.૨૨)(રહે.મોહનનગર, રામકૃપા નગર, વૈશાલી ફલેટની પાસે, બાપુનગર) એ તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી તા.૦૯/૦૪/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન બાપુનગર ઠક્કરનગર ચાર રસ્તા પાસે શિવમ પાન પાર્લર નામની દુકાન પાસે સન્નીભાઇએ પોતાના મોબાઇલ ફોનમાં ઇન્સ્ટાગ્રામ એપ્લીકેશન ઉપર બજાજ ફાયનાન્સની જાહેરાત જોયેલ, જેમાં બજાજ ફાયનાન્સને લગતી ફાસ્ટ લોન મેળવવાનું જણાવેલ હોઇ જેથી તેમાં જણાવેલ લીંક ઉપર કલીક કરતા, બજાજ ફાયનાન્સનું એક ફોર્મ ખુલેલ જેમાં સન્નીભાઇએ પોતાનું નામ તથા મોબાઇલ નંબર નાંખેલ, ત્યારબાદ સન્નીભાઇના મોબાઇલ ફોન ઉપર મોબાઇલ નંબર (૧)૭૫૦૧૬૬૯૧૫૬ તથા નં.(૨) ૮૬૦૯૪૪૩૫૩૪ ના ધારકે લોન મેળવવા સારૂ પ્રોસેસ કરાવી સન્નીભાઇ પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૪૭,૫૦૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરાવી રૂપિયા મેળવી લઇ સન્નીભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

સરખેજ : આલોકનારાયણ વિષ્ણુનારાયણ (ઉ.વ.૫૦)(રહે.ઓર્ચીડ ગ્રીનફીલ્ડ, એપલવુડ ટાઉનશીપ, શાંતીપુરા સર્કલ પાસે, એસ.પી.રીંગ રોડ) એ તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૧ સાંજના ૬/૧૫ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી ગુગલ-પે એકાઉન્ટનો નંબર-૯૬૪૮૦૯૫૬૩૩ ના ધારક શ્યામસુંદર (જેના પુરા નામ-સરનામાની ખબર નથી તે) નાએ ઇન્ટરનેટના માધ્યમથી આલોકનારાયણ ની કંપનીના ડાયરેક્ટર ટી.આર.પ્રસાદ નાઓનુ યાહુ મેસેન્જર આઈ.ડી. હેક કરી તેમના આઈ.ડી.માંથી આલોકનારાયણ ના મેસેન્જર આઈ.ડી. ઉપર મેસેજ કરી, આલોકનારાયણ ને વિશ્વાસમા લઈ તેના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવાનુ કહી, આલોકનારાયણ પાસેથી કુલ રૂપિયા ૪૨,૦૦૧/- ટ્રાન્સફર કરાવડાવી આલોકનારાયણ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.દેસાઈ ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૭૯૪/૨૦૨૧**

ઓઢવ : ગણેશભાઇ વિઠ્ઠલસા ક્ષત્રીય (ઉ.વ.૫૫)(રહે,અજીતનાથ કૃપા સોસાયટી, પાણીની ટાંકી પાસે, અંબીકાનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૧ ના કલાક ૧૨/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સોનીની ચાલી, તિરૂપતી કોમ્પલેક્ષ ખાતે આવેલ ગણેશભાઇની દુકાન નં.૧૧ તથા ૧૨ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોની કંપનીનુ ૩૨ ઇંચનુ એક એલ.ઇ.ડી. ટી.વી., ડાઈનેક્ષ કંપનીના ૨૪ ઇંચના બે એલ.ઇ.ડી ટી.વી., તથા ડાઈનેક્ષ કંપનીના ૩૨ ઇંચના બે એલ.ઇ.ડી ટી.વી. તથા બજાજ કંપનીના ચાર સીલીંગ પંખા, ક્રોન્ટન કંપનીના ચાર સીલીંગ પંખા, ફીલીપ્સ કંપનીના બે ટ્રીમર અને રોકડ રૂપિયા ૫,૫૦૦/- તેમજ ૫૦ ચાંદીના સિક્કા અને ત્રણ સોનાના સિક્કા મળી કુલ રૂપિયા ૧,૮૬,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૭૯૫/૨૦૨૧**

નરોડા : રાજદિપસિંહ પ્રતાપસિંહ પરમાર (ઉ.વ.૩૦)(રહે.કામેશ્વર ફલેટ, સૌરાષ્ટ્ર પટેલની વાડી, નરોડા) તા.૦૨/૦૫/૨૦૨૧ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે નરોડા એસ.આર.પી ગ્રુપ-૨, નરોડા પાટીયા આગળ રોડ ઉપર પત્ની સાથે એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી રાજદિપસિંહના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ રાજદિપસિંહ પરમારે તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

દિવાલ ઉપરથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૭૯૬/૨૦૨૧**

દાણીલીમડા : જેસિંગજી મસરાજી સરગરા (ઉ.વ.૩૦) (રહે.હેમતાજી મહારાજની ચાલી, ખોડીયાર નગર, બહેરામપુરા, દાણીલીમડા) તા.૦૨/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક આવેલ દિવાલ ઉપરથી નિચે પડી જતા, માથા અને મોઢાના ભાગે ઇજા થતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૫/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અજીજખાન ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૭૯૭/૨૦૨૧**

નિકોલ : અખિલેષશ બ્રિજરાજસિંહ રાજપુત (ઉ.વ.૪૨)(રહે.અંબીકનગર ઉત્તમનગરની સામે, નિકોલ ગામ રોડ, નિકોલ) એ માનશીક બિમારી ધરાવતા હોઇ તા.૦૪/૫/૨૦૨૧ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરના બીજા માળેથી નીચે પડતુ મુકતા, માથાના ભાગે ગંભીર ઇજા થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઇ હીરાભાઇ ચલાવે છે.

કાગડાપીઠ : રણજીતભાઇ માવજીભાઇ મકવાણા (ઉ.વ.૨૫)(રહે.રવિઉદય સોસાયટી, હનુમાજીની ચાલીની સામે, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૧ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરના ઉપરના માળે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ લેતા સારવાર માટે તેમને વી.એસ.હોસ્પીટલ ખાતે લાવતા તા.૦૩/૦૫/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ રણજીતભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમરૂભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી